|| સનાતન પરમો ધર્મ ||
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

● સં -૨૦૭૮ ● પોષ સુદ-૧ ●તા : ૦૩-૦૧-૨૨ ● સોમવાર SDP NO:623 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

"આઝાદી કા અમૃત મહોત્સવ'' ભારતની આઝાદીની લડતનો વારસો
સુરત મહિલા મંડળ દ્વારા આઝાદી ના અમૃત મહોત્સવ ની ભવ્ય ઉજવણી

ઉધના સુરત સમાજ ભવનમાં મહિલા મંડળનું આયોજન

તારીખ ૨૯-૧૨-૨૦૨૧ ના શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સુરત પ્રેરિત શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલામંડળ સુરત દ્વારા આયોજિત ૭૫ મો આઝાદીનો અમૃત મહોત્સવ ગુજરાત રાજ્ય સરકાર, સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત ભારતીય સંસ્કૃતિ અમૂલ્ય ધરોહર કાર્યક્રમ ઉમાભવન ઉધના ખાતે યોજાયો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ સુરત કલ્ચરલ વિભાગના અધ્યક્ષ શ્રીમતી પુર્ણિમાબેન દાવલે, પૂર્વ અધ્યક્ષ શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ઉધના ઝોનના કોર્પોરેટર મૂળજીભાઈ ઠક્કર, શ્રી ઉમિયા મહિલા વિકાસ મંડળના પ્રમુખ શ્રીમતી હીરાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત સમાજના પ્રમુખ ઝવેરભાઈ રામાણી અને હોદ્દેદારો તેમજ યુવક મંડળ ના પ્રમુખ મુકેશભાઈ પોકાર અને હોદ્દેદારો, સમાજના વડીલશ્રી દેવજીબાપા, લાલજીબાપા, અને દક્ષિણ ગુજરાત સમાજના પ્રમુખશ્રી રમેશભાઈ પારસીયા હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મધુબેન ૯૦.૦૪ FM Radio ના PRO સંગીતાબેનનો સારો સહયોગ રહ્યો હતો તેમજ ફિટનેસ સ્ટુડિયો ના ઓનર રોહિતભાઈ જયસ્વાલ (કોરિયોગ્રાફર) અને શિલ્પમૈત્રી ના અમીબેન પટેલના ગ્રુપના બાળકો દ્વારા કાર્યક્રમો ગણેશવંદના, સ્વરાગિની ડાન્સ, ઘૂમ્મર,

આઝાદીનો અમૃત મહોત્સવમાં ભારતના તિરંગા ની કૃતિ, સુરત

આઝાદીના અમૃત મહોત્સવમાં ઉપસ્થિત રાજકીય અને સામાજિક અગ્રણીઓ સાથે મહિલા મંડળ સુરત.

ભાંગડા, મહિસાસૂર મર્દિની રજૂ કરવામાં આવ્યો. લાઈવ પ્રોગ્રામ રોહિતભાઈ જયસ્વાલ નો રજૂ થયો અને સૌ ઝૂમી ઉઠયા.

વિશેષ માં નોઈડા થી પધારેલા શ્રીમતી કવિતાબેન મોહંતી (કલાસંગમ ગુરુગ્રામ) કે જેઓ ફેસ્ટિવલ આયોજિત કરે છે, ખુબ અવાર્ડ મળ્યા છે,તેમણે ઓડિસી નૃત્ય 'નારી તું નારાયણી' પર પર્ફોમન્સ કર્યું.કાર્યક્રમની શરૂઆતમાં શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલામંડળના પ્રમુખ શ્રીમતી હંસાબેન પોકાર દ્વારા સ્વાગત પ્રવચન રજૂ કરવામાં

ધારાસભ્ય વિવેકભાઈ પટેલને સન્માન કરતા સુરત મહિલામંડળના અગ્રણી.

આવ્યું. દિપ પ્રાગટ્ય મહેમાનો અને સમાજના આગેવાનો દ્વારા અને પ્રાર્થના મંજુલાબેન મૈયાત, ચેતનાબેન ભાવાણી, મીતાબેન પોકાર દ્વારા રજૂ કરવામાં આવેલ.

સુરત સમાજની બહેનો દ્વારા કાર્યક્રમ 'હેલ્લારો' અને કચ્છ કલા સંસ્કૃતિ રજૂ કરવામાં આવ્યો.લાલજીબાપા, ઝવેરભાઈ રામાણી, મુકેશભાઈ પોકાર, હપધારેલા મહેમાનોને સ્મૃતિચિહન અને પુષ્પઅર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. કોર્પોરેટર મૂળજીભાઈ ઠક્કર, શ્રીમતી રશ્મિકાબેન પટેલ, રમેશભાઈ પારસીયા, દેવજીબાપા સાબેન પોકાર, સંગીતા દીદીએ કાર્યક્રમ ને અનુરૂપ સૂચનો આપ્યા.

ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત દરેક વિસ્તાર માં આઝાદી ના અમૃત મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવે છે તેમાં સુરત ના મહિલા મંડળ નું આ અદભુત આયોજન ને સરકાર ના રાજકીય અગ્રણીઓ એ અને ગુજરાત સાંસ્કૃતિક વિભાગ ના અધિકારીઓ એ આ

૧૫ ઓગસ્ટ ૧૯૪૭નાં રોજ ભારતે બ્રિટીશ રાજ્ય પાસેથી આઝાદી પ્રાપ્ત કરીને ત્રિરંગો ઝંડો લહેરાવ્યો ત્યારબાદ આ દેશે લોકશાહી અને પ્રજાસત્તાક વ્યવસ્થાને અનુરૂપ રાજકીય અને સામાજિક મૂલ્યોને આધારે અનેક ક્ષેત્રોમાં આશ્ચર્યજનક તરક્કી કરી છે. પાકિસ્તાને મિલિટરી ડીક્ટેટરશીપ વિકસાવી, ભારતે લોકશાહીની રીતરસમો વિકસાવી. તેથી ૨૦૨૧નું ભારત આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવે તે સ્વાભાવિક છે.

વિશ્વભરનાં સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઈતિહાસમાં ભારતની આઝાદીની લડત અજોડ અને અદ્વીતીય ગણાય છે કારણ કે તે સત્ય અને અહિંસાના પાયા પર રચાયેલી પ્રચંડ માસ મુવમેન્ટ હતી. આ લોકલડતનાં સારાં તેમજ નબળા પાસાંઓ હતા. તેની જાણકારી મહત્વની છે. આ લડતમાંથી આજે શીખવા જેવું ઘણું છે.

કાર્યક્રમ ને બિરદાવેલ હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી નર્મદાબેન સેંગાણી એ કર્યું અને અંતમાં આભારવિધિ દમયંતીબેન ભાવાણી દ્વારા થઈ. અંતમાં સૌ અલ્પાહાર લઈ છૂટા પડયા. સંયોજક- દમયંતી ભવાણી સુરત

દક્ષિણ કર્ણાટક ઝોન સમાજ ની કારીબારી સભા, સમુહવિવાહ આયોજન અંગે ની સમીક્ષા - નેલમંગલા

દક્ષિણ કર્ણાટક ઝોન મા આજે તા. ૨.૧.૨૨ ને રવિવારે નેલમંગલા બેંગ્લોર લક્ષ્મીનારાયણ ભવન ખાતે કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સૌ પ્રથમ સ્થાન ગ્રહણ તથા સામુહિક પ્રાર્થના ત્યારબાદ પ્રમુખ શ્રી ચીમનભાઈ લિંબાણી દ્વારા આવનાર દરેક પ્રતિનિધિ ઓનું શબ્દોમાં સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ ગત મિનિટ્સ બૂક નું વાચન મંત્રી પરબતભાઈ સાંખલા દ્વારા કરવામાં આવ્યું તથા બહાલી આપવામાં આવી હતી. ત્યાર બાદ મહામંત્રી પુરસોતમભાઈ વેલાણી દ્વારા આવતાં સમૂહ લગ્ન બાબત ની જાણકારી તથા અત્યાર ની પરિસ્થિતિ અનુસાર કેમ આગળ વધવું તેના સુઝાવો લેવામાં આવ્યા. ઘણી બધી ચર્ચા ને અંતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે વસંત પંચમી ના આઠ દિવસ પહેલા સરકાર ની શું ગાઈડ લાઈન છે. તેનાં ઉપર ચાલવું પડશે.

પણ અત્યારે આપણે કાંઈક નક્કી કરવું પડશે તેમાં એક પક્ષ વાળા ને પચ્ચીસ જન સંખ્યા મા આવવાનું રહેશે. આવો નિર્ણય લીધો હતો. માટે ત્રણ ઓપ્શન રાખવામાં આવ્યા છે તેમાં પ્રથમ સંખ્યામાં ઘણો બધો કાપ કરી ને અંદાજે આઠસો ટોટલ જનસંખ્યા મા કરવા મળશે તો તે પ્રમાણે. બીજું બાર લગ્ન છે તેમાં અડધાં સવારમાં અને અડધાં બપોર પછી આ પ્રમાણે. અને ત્રીજું બેંગ્લોર મા અન્ય સમાજો મા અલગ અલગજગ્યાએ ગોઠવવામાં આવશે.

કોરોના આપણો હજી પીછો છોડતો નથી. હમણાં નિર્ણયો લેવામાં બહુ દુઃખ થયું હતું.

જે સમૂહ લગ્નમાં ચારસો થી પાંચસો યુવાનો થનગનાટ થી પોતાના ઘરનો પ્રસંગ હોય તેમ ઉત્સાહ થી જોડાયેલા હોય તે પ્રસંગ મા પચાસ યુવાનો કામ માટે રાખવામાં આવ્યા છે. ટોટલ વીશ ઘટક સમાજો માથી ફક્ત કારોબારી સભ્યો તથા બેંગ્લોર ની નજીક ની સમાજો માથી એક સમાજમાંથી ફક્ત ચાર સભ્યો તથા દુરની સમાજો માથી બે સભ્યો તથા સમાજ સિવાય ના જેપણ નાના મોટા દાતાઓ સિંગલ સભ્ય ને આમંત્રણ છે.

જે સમૂહ લગ્નમાં ત્રણ થી ચાર હજાર ની જનસંખ્યા હોય તેમાં આટલો મોટો કાપ મૂકવો મુશ્કેલ હતું. પણ કોઈ પણ સંજોગોમાં નોંધાયેલા લગ્નો કરી ને વર અને કન્યા નવું દાંપત્ય જીવન શરૂ કરે એજ અપેક્ષા છે.

આ બધા નિર્ણયો લીધા બાદ દક્ષિણ કર્ણાટક ઝોન સમાજ દ્વારા આરોગ્ય નીધી ની વ્યવસ્થા હોવી જોઈએ તે બાબતે ગત કારોબારી મા પાસ થયું હતું. તે બાબતે ચર્ચા કરતાં એવું નક્કી થયું કે આના માટે એક સમિતિ નું ગઠન કરવું અને તેના નિતીનિયમો વ્યવસ્થા વગેરે બાબતે વિચાર વિમર્શ કરીને આગામી કારોબારી મા રજૂઆત કરવી.તેથી નવ જણાની સમિતિ બનાવવામાં આવી છે તે અન્યવિષયો પર ચર્ચા કરી ને આગળ વધશે આ સમિતિ મા યુવાનો નો ખાસ સમાવેશ કરેલ છે.

ત્યારબાદ પક્ષકારો ના વાલીઓ તથા યુવા મંડળો તથા કારોબારી સભ્યો સાથે સભા લેવામાં આવી હતી. તેમાં મહામંત્રી તથા મંત્રી દ્વારા દરેક ને લેવાયેલા નિર્ણયો જણાવવામાં આવ્યાં હતાં અને પરિસ્થિતિ અનુસાર આપણે સૌ એ આનું પાલન કરવાનું રહેશે.

અને સૌએ આ નિર્ણય ને વધાવી લીધો હતો. અને પક્ષકારો એ શું લાવવાનું રહેશે તથા સમાજ તરફથી શું આપવામાં આવશે તેની જાણકારી આપવામાં આવી હતી. અને મુજવતા સવાલોના જવાબો આપ્યા હતા. અને હાલમાં ધંધા રોજગાર ઓછાં છે તેથી કોઈ ના દેખાવમાં નજતા સમૂહ લગ્નમાં જોડાવવા આગ્રહ કરવામાં આવ્યો હતો. અને ખરેખર આ સમાજ દ્વારા યોજાતા સમૂહ લગ્ન મા આ અઢરમો સમૂહ લગ્ન છે. શરૂઆત ચાર થી થઈ. પણ ત્યારબાદ અત્યાર સુધી દશની અંદર આંકડો નથી.

બહુજ સુંદર આયોજન તથા દાતા ઓ દ્વારા ખુબ જ સારી વસ્તુ ભેટ ટોટલ ત્રીસેક આઈટમ આપવામાં આવે છે તેમાં આ વખતે જાહેર કરવામાં આવ્યું હતું કે વસ્તુ ભેટ મા એક વસ્તુ ઓછામાં ઓછી પાંચસો રૂપિયા ની હશે તોજ પત્રિકા મા નામ આવશે જેથી પત્રિકા મા જે વસ્તુ ની નોંધ છે તે પાંચસો રૂપિયા ઉપર ની છે. બાકી કોઈ પણ વસ્તુ દાન મા લેશુ પણ નામ નહી આવે. સુવર્ણ દાન પણ હોય છે.

દર વખતે પચ્ચીસ હજાર થી ઉપર ની રકમ ના દાતા ઓનું સન્માન કરવામાં આવે છે. તેમાં સતરમા સમૂહ લગ્નમાં આવાં પચાસ એક દાતા હતા. આ વખતે પણ બેતાલીસ દાતા પચ્ચીસ હજાર ઉપર ના છે. પણ એ વાત નો ખેદ છે કે આવાં દાતાઓના સન્માન લક્ષ્મીનારાયણ સ્વરૂપે નહી થાય ફક્ત નારાયણ નું સન્માન કરવામાં આવશે.

પાલનપુર યુવા મંડળ દ્વારા આયોજીત ગલી ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ પાલનપુર દ્વારા ગલી ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું. રવિવાર તા. ૨-૧-૨૦૨૨ ના રોજ સવારે ૭:૩૦ કલાકે ઓપનિંગ સેરેમની પાલનપુર સમાજ, યુવા મંડળ, તથા મહિલા મંડળ ના પ્રમુખ તથા આગેવાનો દ્વારા દીપ પ્રાગટય કરી રાષ્ટ્રગીત ગાઈ ને ટુર્નામેન્ટ શરૂઆત કરવામાં આવી .

આ ટુર્નામેન્ટ નો હેતુ સમાજની અંદર મિત્રતા પ્રેમ અને અંખડતા વધે. જેમાં નવ વર્ષના સભ્ય થી લઈને મોટા વડીલોયે પણ ભાગ લિધેલ.

આ ટુર્નામેન્ટ માં કુલ ૮ ટીમે ભાગ લીધો હતો જેમાં ફાઈનલ મેચ શિવ સુપર કિંગ્સ અને જલારામ ચેલેન્જર્સ વચ્ચે રમાઈ જેમાં જલારામ ચેલેન્જર્સ ટીમ વિજેતા થયેલ.

સાથે સાથે મહિલા ઓનો ઉત્સાહ માટે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ નું પણ આયોજન થયેલ...

છેલ્લી મેચ યુવક મંડળ કમિટી અને શ્રી સમાજ કમિટી મેમ્બર વચ્ચે રમાઈ..

આ ટુર્નામેન્ટ માં UGR ના સભ્યો એ પણ હાજરી આપી શોભા માં અભિવૃત્તિ કરી હતી.

ઉત્તર ગુજરાત રિજીયન પ્રવક્તા ભરત લિંબાણી

ઉત્તર ગુજરાત માં પણ રમત મહોત્સવ- શિયાળામાં એમીક્રોન નું અદભુત બુસ્ટર.

કચ્છ યુવાસંઘનો લક્ષ હવે ઘર ઘર યુવા સુરક્ષા કવચ. વિષાદમાં આપીએ સ્મિતનો ચેક

સુખપર ગામે કચ્છ યુવાસંઘ ના પ્રમુખ સેવક શાંતિલાલ નાયાણી નો હૃદય ભાવ એજ કે હવે એક પણ મૃત્યુ રૂજીદ્ધ ના સહયોગ વિના નું તો ના જ હોય. એવો સંકલ્પ હર કોઈ યુવા મંડળ માં લેવાય

યુવા સુરક્ષા કવચ હર ઘર અંગે સંપર્કયાત્રા દરમિયાન સુખપર રોહા , ભીટારા , અરજણપર અને કનકપર ગામે ૫૧ યુવા સુરક્ષા કવચ યોજના માં સભ્યોને જોડતું યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિજીયન. (બજારમાં ચાલતી વીમાની ઢગલાબંધ પોલિસીઓના પ્રીમિયમ ભરીને એના ઓફિસે ધકા ખાવા કરતા સરળ, સસ્તી સ્વમાનથી જીવાડતી શ્રીસમાજ પ્રેરિત યુવાસંઘ સંચાલિત YSK (યુવા સુરક્ષા કવચ) યોજનાનો લાભ લેવો સારો..

અપને લિયે નહિ અપનો કે લિયે...

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ દ્વારા સંચાલિત ૧૩ થીમ પૈકી સમાયોચિત તેમાં એક અને ખૂબ જ ઉપયોગી કે જ્યારે પરિવાર પર આફત આવી પડે અને પરિવાર વ્યક્તિને તો ગુમાવે છે, સાથે- સાથે જો એ વ્યક્તિ પરિવારનો મુખ્ય આર્થિક આધારસ્તંભ હોય તો સ્વાભાવિક છે કે પરિવાર આર્થિક સંક્રમણ અનુભવે. પણ જો પરિવારનો સભ્ય YSK યોજનાથી જોડાયેલો હોય તો ખૂબ સારું આફતમાં ઉભા રહી શકાય એવું વળતર મળી રહ્યું છે..

બજારમાં વીમાની ચાલતી ઢગલાબંધ પોલિસીઓ લઈને તેના કાગળો પુરા કરવા અને ઓફીસો પર ધકા ખાવા છતાં અમુક કન્ડિશનના ફોલ્ટ કાઢીને પોતાના પોલિસીના પૈસા કઢાવવા પરસેવે નવરાવે અને ક્યારેક રોવરાવે એના

કરતાસમાજની પાંખ એવી યુવાસંઘ દ્વાર સંચાલિત YSK યોજના દ્વારા ત્વરિત રકમ મળી જાય છે. એ પણ તમારા ઘેર આવીને આપી જાય છે. એટલે આ યોજના અપને લિયે નહિ હૈ ઘરમાં રહેતા માં-બાપ ,ધર્મપત્ની, બાળકોના ભવિષ્ય માટે એટલે અપનો લે લિયે હૈ..

સગાસંબંધીઓ કેટલા દિવસ આપે..??

પરિવાર મુખ્ય વ્યક્તિને જ્યારે ગુમાવે છે ત્યારે આખો પરિવાર મુશ્કેલીઓ માં મુકાતો હોય છે. વ્યક્તિના બેસણા માં સગા સંબંધીઓ માત્ર આશ્વાસન આપે અથવા તો એ પણ આપી આપીને કેટલું આપે..? એમના પણ પરિવાર હોય ને..! આ યુવાસંઘ ની યોજના આવા દુઃખ ની ઘટના વેળા અંધકાર માં ઉજાસ આપે છે, એક મુંજાતા ચહેરા ને પુનઃ પગભર થવાનું સ્મિત આપે છે. જે ઈશ્વરીય સમૂહ શક્તિનું વિશ્વાસનું બળ બને છે.

યુવાસંઘ દ્વારા સંચાલિત YSK (યુવા સુરક્ષા કવચ) યોજના દ્વારા વ્યક્તિના મૃત્યુના ત્રીજા દિવસે તેમના ઘેર ચેક અર્પણ કરવામાં આવે છે. આ પરિવારને મળતી સારી એવી રકમથી તેમના પરિવાર નું આરામથી ગુજરાન થઈ શકે છે. એટલે સ્વામાનથી જીવાડતી યોજના એટલે યુવાસંઘ સંચાલિત YSK...

ઉત્સાહી યુવાનો દ્વારા માત્ર જૂજ દિવસો માં ૫૧ YSK સભ્યોને જોડયા..

સુખપર રોહા, ભિટારા, અરજણપર અને કનકપર આ ગામડાઓમાં પુનિત અને મિતુલ નાકરાણી, હસમુખ પારસિયા તો કનકપર જગદીશ ડાયાણી, તુલશી રંગાણી અને એ એરિયામાં સામાજિક અને રાજકીય ક્ષેત્રે ખૂબ દોડતુ પાત્ર એટલે આપણા રમેશભાઈ દડગા (પોલિટીકલ થીમ સેન્ટ્રલ PDO) આ ભાઈઓ એ ટુક સમયમાં ૫૧ YSK સભ્યોને જોડ્યા છે સાથે અગામી દિવસોમાં દરેક ઘરોમાં YSK યોજના સમજાવીને ઘર ઘર જોડાવા પ્રયત્ન કરશે.

સંપર્ક યાત્રા દ્વારા ગામડાઓમાં રૂજીદ્ધ યોજનાની સંપૂર્ણ સચોટ માહિતી યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિજીયનના નારાયણ ડિવિઝનના રૂજીદ્ધ કન્વીનર સુરેશભાઈ હળપાણીએ આપી હતી સાથે યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિજીયનના પ્રમુખ સેવક શાંતિલાલ નાયાણી, મિશન ચેરમેન હસમુખ નાકરાણી, સલાહકાર અને પૂર્વ ચેરમેન શૈલેષભાઈ પોકાર, ખજાનચીશ્રી પ્રકાશ ભીમાણી, નારાયણ ડિવિઝનના ચેરમેન અને સેક્રેટરી નવીન પોકાર અને નીતિન ભાદાણી, સામાજિક આધ્યાત્મિક કન્વીનર પ્રવીણ માવાણી, યોગેશ મંગવાણા અને PRO પ્રવક્તા મનોજ વાઘાણી હાજર રહ્યા હતા..

તમે એક દીપ માં જ્યોત પ્રગટાવશો, તે હજારો ના ચહેરા પર રોશની પ્રગટાવશે. (YSK)
(યુવા સુરક્ષા કવચ, ઘર ઘર તોરણ બંધાય આ સમાજ સુરક્ષાનું.)

કચ્છ યુવાસંઘ ટીમ મિશન
મનોજ વાઘાણી - નાના અંગીયા
PRO , યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિજીયન.



જસવંત સુરાણી, સંયોજક



આજની ચિંતન કણિકા

સોક્રેટીસ એક મોટા તત્ત્વજ્ઞાની થઈ ગયા. તે યુવાનોને ભેગા કરી જીવનનું તત્ત્વજ્ઞાન સમજાવતા. તેમની પત્ની ઝેંથીપી ખૂબ જ ઝગડાખોર હતી પણ તે પોતાનું કામ શાંતચિત્તે કર્યે રાખતા.
એક વાર એક યુવાને પ્રશ્ન પૂછ્યો :
મારે લગ્ન કરવાં જોઈએ કે નહી ?
સોક્રેટીસે કહ્યું : જરૂર કરવાં જોઈએ.
યુવાને કહ્યું : કેમ ? તમારી પત્ની તો ખૂબ ઝઘડાખોર છે !
તમે કેમ લગ્નની સલાહ આપો છો ?
સોક્રેટીસ બોલ્યા : તું પરણીશ તો બે શક્યતા છે. એક, જો તને સારી સુશીલ પત્ની મળશે તો તું ખૂબ સુખી થઈશ. બીજું જો મારા જેવી ઝગડાખોર પત્ની મળશે તો તું સોક્રેટીસ બની જઈશ.
Life is nothing but an adjustment. જીવનમાં યોગ્ય રીતે adjust થઈને જીવવું એ જ જીવનની કલા છે. પત્થર જેવા જડ રહીએ તો કદી સુખી ન થવાય. પ્રવાહીની જેમ કોઈ પણ ઠેકાણે adjust થતાં આવડવું જોઈએ. કોઈ ફરિયાદ નહિ , કોઈ તકરાર નહિ.

તુકારામ ની પત્ની ખુબ ઝઘડાખોર હતી , તેમણે ભગવાનનો આભાર માન્યો અને કહ્યું : ભગવાન, તારો કેટલો ઉપકાર છે કે મને ઝઘડાખોર પત્ની આપી જેથી હું તેનામાં આસક્ત રહેવાના બદલે તારામાં જ આસક્ત રહું છું. એકનાથ ની પત્ની ખૂબ સુશીલ અને સદગુણી હતી. તેમણે ભગવાનનો આભાર માનતા કહ્યું : ભગવાન , તે મને કેવી સુશીલ સંસ્કારી પત્ની આપી કે જે મને પ્રભુ કાર્યમાં કાયમ સંપૂર્ણ સાથ અને સહકાર આપે છે. તે મારી ખરી સહ ધર્મચારીણી છે.
There is always and always something to be Grateful for. એ નીરખવાની અને શોધવાની દ્રષ્ટિ કેળવવી પડે. ભગવાને આપણી યોગ્યતા પ્રમાણે જ આપણને આપણાં સગાંવહાલાં અને કુટુંબીજનો મેળવી આપ્યાં છે. તેમની સાથે જીવવું એ એક કલા (Art) છે. માત્ર યુનિવર્સિટીની ડીગ્રી મેળવવાથી સુખી ન થવાય , BA ડિગ્રી ની art જીવનમાં apply કરવી પડે.That's the Real Life. સપ્રેમ વંદન.

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ.
SUV International school.

નર્મદા કાઉન્સિલ★ આનંદમેળો - ૨૦૨૨

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ સરદાર પટેલ રીજીયનશ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ અને યુવક મંડળ ડાકોર ની પ્રેરણાથી મહિલા મંડળ દ્વારા આનંદમેળો - ૨૦૨૨ રાખવામાં આવ્યો હતો. જેમાં કુલ ૮ સ્ટોલમાં મળીને ૧૫ વિવિધ વાનગીઓ અને રમતો રાખવામાં આવી હતી. ઠાસરા સમાજે પણ આમંત્રણ ને માન આપીને મોટી સંખ્યામાં હાજર રહીને ઉત્સાહ વધાર્યો હતો. ડાકોર સમાજમાં પ્રથમવાર થયેલ આનંદમેળાને લઈને નાના મોટા દરેક સભ્યોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો.

સરદાર પટેલ રીજીયન PRO બિજોય ભાવાણી (પેટલાદ)

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તારીખ ૩૧/૧૨/૨૦૨૧
સ્વ. નર્મદાબેન કાંતિભાઈ પોકાર ઉંમર વર્ષ :૬૫
કચ્છ માં ગામ વિરાણી (મોટી) હાલેઃઈટારશી (M.P)

૩૦/૧૨/૨૦૨૧
સ્વ. પાનુબેન કરશનભાઈ પારસિયા ઉંમર વર્ષ:૧૦૦
કચ્છ માં ગામ ધાવડા મોટા. હાલે તલોદ (સાબરકાંઠા)

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના,
શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ....

ઉંઝા ઉમિયાધામના નવા પ્રમુખ તરીકે દસક્રોઈના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલની વરણી

ગત રોજ ઉમિયા માતાજી ટ્રસ્ટની કારોબારી બેઠકમાં વિરોધ અને ઉગ્ર વાતાવરણ બાદ સર્વસંમતિથી લેવાયો નિર્ણય.

મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતે ગત રોજ ઉમિયાધામ માતાજી ટ્રસ્ટના નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. ઉમિયાધામના નવા પ્રમુખ તરીકે દસક્રોઈના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. આજે બપોરે બે કલાકે ઊંઝા ઉમિયા માતાજી ટ્રસ્ટની

કારોબારી બેઠક મળી હતી.

આ બેઠકમાં નવા પ્રમુખની વરણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

જેમાં સભ્યો હાજર રહ્યા હતા . પ્રમુખની ટર્મ પુરી થતા આજે નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. વ્યવસ્થા જાળવવા પોલીસની ટીમ તહેનાત કરવામાં આવેલ હતી.

વિરોધ ના તોફાન વચ્ચે દસક્રોઈના ભાજપના ધારાસભ્ય બાબુ પટેલની પ્રમુખ પદ માટે વરણી કરવામાં આવી હતી. ઉમિયા માતાજી કારોબારી ટ્રસ્ટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. ઊંઝા ઉમિયાધામ કડવા પાટીદારોની સૌથી મોટી ધાર્મિક સંસ્થા છે.